

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સરકારી કર્મીઓમાં લોભે નિષ્ઠા ખૂટે છે*
*ગરીબ બેકારોનાં રોજ નશીબ ફૂટે છે*
*છૂટે 'દીપડા-લોકરક્ષકો', ભક્ષકો બની -*
*નેતા 'બહારવટિયા' - બની દેશ લૂંટે છે...*

હાઈકુ

*ફાટ્યું છે આભ,*
*અનીતિ - અતિવૃષ્ટિ -*
*તણાય નિષ્ઠા!*

*તૂટ્યો છે ડેમ,*
*કૌભાંડ ના પૂરમાં*
*ડૂબે વિશ્વાસ !*

### ચિંતન

***ચિંતન મન રાજા, મન રંગ હૈ, મન કાયમ મન સૂર,***
***શૂન્ય શિખર પર મન રહે, મસ્તક આવે નૂર.***

**ઉપરોક્ત સાખી કબીર બિજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**આ જગતમાં કોઈ માણસ રાજા છે તો કોઈ રંગ, કોઈ કાયર છે તો કોઈ શૂરવીર લડવૈયો; પણ ખરું જોતાં એ બધાં હાડમાસના પૂતળા છે. શરીરના બધા વેશ તો આખરે આપણા મનનાં છે. માનવીની કાયા ગમે ત્યાં જન્મ લે પણ મન તેનું જો રાજા જેવું ઉદાર હોય તો તે માણસ રાજા જ છે. કાયા ગમે તેવી દુર્બળ હોય પણ તેનું મન જો શૂરાતનવાળું હોય તો તે માણસ વીરપુરુષ જેવાં કામ કરી શકે છે.**

**આથી જે કંઈ કરે છે તે મન જ કરે છે તેમ સમજો. આથી કબીર કહે છે કે મનમાંથી જો તર્કવિતર્ક અને માયાવી લાલચાઓ દૂર કરી તેને પરમાત્માની લગનીમાં લગાડી દો તો હરિનું તે જ જરૂર અંતરમાં પ્રવેશી તમને તેજોમય એટલે સ્વયં પ્રભુમય બનાવી દેશે.**

### સુવિચાર

- માણસે જીભ ને નહિ, પણ પેટને પૂછીને ખાવું જોઈએ - **હરિભાઈ કોઠારી**
- જ્ઞાન સાથે નમ્રતા આવે ત્યારે જ જ્ઞાનનું ફળ પાક્યું ગણાય - **મકરંદ દવે**
- મોતના મુકામ પરથી કયારેય કોઈ પાછું આવ્યું નથી,
  જે એની વાતો કરે છે એ બધી વાતો એના કિનારે ઊભા રહીને થયેલી વાતો છે - **અમૃતા પ્રિતમ**
- અજ્ઞાન જયારે જ્ઞાનનો ઢોંગ કરે છે ત્યારે એના જેવું હાસ્યાસ્પદ બીજું કંઈ લાગતું નથી - **જયોતીન્દ્ર દવે**
- માનવીને પાપ કરવાનો જેટલો ડર નથી એટલો પાપ પકડવાનો ડર હોય છે - **રમણલાલ દેસાઈ**
- આપણી દરિદ્રતા એક વિરાટ લોભનું તથા માનવીના સાચા વિકાસને ન પચાવી શકતી એક કુંઠાનું પરિણામ છે - **ચાર્લી ચેપ્લિન**
- આજનું ઔષધ : આદુના રસમાં થોડુંક મીઠું ઉમેરી રાત્રિ દરમિયાન ચહેરા ઉપર ચોપડી રાખવું સવારે ધોઈ નાખવું આમ કરવાથી ખીલ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક અમેરિકન કરોડપતિએ મહાન ચિત્રકાર પિકાસોને પોતાનું ચિત્ર બનાવવા આપ્યું. ચિત્ર બનાવતા બે વર્ષ લાગી ગયો. વચ્ચે વચ્ચે એ કરોડપતિ પોતાના માણસને મોકલીને પૂછાવતો કે ચિત્ર બન્યું કે નહીં ? પિકાસો કહેવડાતો 'થોડી ધીરજ રાખો, ભગવાને પણ તમને બનાવતા નવ મહિના લાગ્યા હતા. હું તો સાધારણ મનુષ્ય છું, ફરી તમને બનાવી રહ્યો છું. બે ત્રણ વર્ષ લાગી શકે છે.' ચિત્ર પૂરું થયું. બે વર્ષ બાદ કરોડપતિ ચિત્ર લેવા આવ્યા. કરોડપતિને પણ ચિત્ર ફૂબ ગમ્યું એણે પૂછ્યું, 'કેટલા પૈસા થયા ?' પિકાસોએ કહ્યું 'દસ હજાર ડોલર' કરોડપતિને પૈસા વધારે લાગ્યા. એણે કહ્યું, 'શું મજાક કરે છે ? આ કેનવાસના ટુકડા અને રંગની આટલી કિંમત ?? એક સો ડોલરનો સામાન વપરાયો હશે.' પિકાસોએ પોતાના સહયોગીને કહ્યું, 'અંદરથી જેટલા મોટું કેનવાસ અને રંગ લઈને આવ અને આમને આપી દે. તેઓ જેટલા પૈસા આપે તે લઈ લેજે.' કરોડપતિની સામે સહયોગી એ બધો સામાન મૂકી દીધો. અને કહ્યું, 'લો, આ રહ્યું તમારું પોર્ટ્રેટ, હવે તમારી મરજી મુજબ સો ડોલર આપીને લઈ જાવ.' કરોડપતિ કહે, 'હું આ બધું લઈ જઈને શું કરું ?' ત્યારે પિકાસો એ કહ્યું, 'યાદ રાખજો, ચિત્ર રંગો અને કેનવાસનું મિશ્રણ નથી, તેનાથી કંઈક વધારે છે. અમે ચિત્રમાં જે ઉતારીએ છીએ તે રંગ નથી. અમે એના ભાવ ઉતારીએ છીએ. જેને રંગ અને કેનવાસ સાથે સંબંધ નથી. હવે દસ હજાર નહીં પણ પચાસ હજાર ડોલર આપશો તો હું આ ચિત્ર તમને વેચીશ.' આખરે કરોડપતિએ મૂછ નીચી કરીને પચાસ હજાર ડોલરમાં ચિત્ર ખરીધ્યું. ચિત્ર વિનાના કેનવાસ અને રંગની કોઈ કિંમત હોતી નથી.

# ગુજરાતને ગુજરાત જ રહેવા દઈએ

**તંત્રીસ્થાનેથી...**

રાજ્યમાં કંઈક સારું થયાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં તો ફરી પાછું અઘટિત થવાના સમાચાર આવી પણ ગયા. વર્ષાન્તમાં રાજ્યની પ્રતિષ્ઠાને ગ્રહણ લાગી રહ્યું હોય એવો ઘાટ સર્જાઈ રહ્યો છે.

સરેઆમ રસ્તે ચાલી જતી એક બસને લૂંટારુઓ દ્વારા આંતરીને ઊભી રાખવામાં આવે અને તેમાં બેઠેલા મુસાફરોને લૂંટી લેવામાં આવે એવા સમાચાર સાંભળીએ તો સ્વાભાવિક રીતે જ આ સમાચાર ચંબલના કે કાશ્મીરના હશે એવી પ્રતીતિ થાય. પરંતુ આ સમાચાર ગુજરાતના છે એવું જાણીએ તો નિશ્ચિતપણે આઘાત જ લાગે. કારણ કે આ દુર્ઘટના ગુજરાતીઓ માટે 'ન ભૂતો' છે.

ગુજરાતને જેમ સુખી અને સમૃદ્ધ રાજ્ય ગણવામાં આવે છે એવી જ રીતે ગુજરાતને શાંત અને સુરક્ષિત રાજ્ય પણ માનવામાં આવે છે. અહીંના લોકો સુખી ઉપરાંત શાંત પણ છે એવી છાપ દેશભરમાં ગુજરાતીઓની છે. પરંતુ આવી ઘટનાઓ હવે રાજ્યમાં બનવા માંડી છે એ ચિંતાનો વિષય છે. એમાંય ચૂંટણી નજીક આવી રહી હોય ને આવી ઘટનાઓ બને એ સરકાર માટેય ચિંતાનો વિષય તો ખરો જ.

રાજ્યમાં પોલીસ કર્મચારીઓની અછત છે, એમની પાસે પૂરતાં સાધનો નથી કે એમને પૂરતા પ્રમાણમાં સેવાનું વળતર મળતું નથી એવી ઘણીબધી ફરિયાદો પછી પણ ગુજરાતનું પોલીસતંત્ર સાવ ખાડે નથી ગયું. જેટલી ખરાબ છાપ બિહાર, કાશ્મીર કે રાજસ્થાન પોલીસની છે એટલી ખરાબ છાપ તો કમ-સે-કમ ગુજરાત પોલીસની નથી એવું આશ્વાસન ચોક્કસ કહી શકાય.

કારણ કે સમય આવ્યે ગુજરાત પોલીસ કામ પણ કરે છે અને શાંતિ, સલામતી જાળવવામાં સફળ પણ રહી છે અત્યાર સુધી એય સ્વીકારવું પડે. પરંતુ મહેસાણાની આ બસલૂંટ ઘટનાએ સૌને હવે વિચારતા કરી દીધા છે. પ્રશાસન અહીં ઢીલું પડ્યું કે પોલીસ ઢીલી પડી એ વાત અગત્યની નથી, અગત્યનું એ છે કે લુંટારુઓની હિંમત થઈ કે ગુજરાતમાં પણ આવી ઘટનાને અંજામ આપી શકાય છે. હવે તો સરેઆમ રસ્તા પર જતા મુસાફરોએ પણ ડરીને રહેવું પડશે એવો ઘાટ સાથે-સાથે આમ નાગરિકો માટે સર્જાયો છે અને આ ખરેખર ચિંતાજનક બાબત છે. કારણ કે મસમોટું રાજ્ય છે ગુજરાત અને અનેક દૂર-સુદૂરના અંતરિયાળ વિસ્તારો સુધી અહીં એસટી બસો કે એકલ-દોકલ ખાનગી વાહનો પહોંચી રહ્યાં છે. આવી ઘટનાઓ જો સર્જાવા લાગી તો ભવિષ્ય ઘણું ચિંતા ઉપજાવનારું હશે.

જેમ લોકરક્ષક પેપરલીક કૌભાંડમાં હજુ તપાસનો દોર લાંબો થતો જાય છે એમ આ ઘટનામાં પણ તપાસનો દોર લાંબો ન ચાલે એ ઈચ્છનીય છે. કારણ કે નાગરિકોની સલામતી એ કોઈપણ સરકાર માટે પ્રાથમિક બાબત હોય છે, હોવી જોઈએ. એ જ કારણથી આ સલામતીને જોખમમાં મૂકતાં પરિબળોને કડક હાથે ડામી દેવાની તૈયારી પણ સરકારે રાખવી પડશે. ભૂલ પ્રશાસનની હતી કે પોલીસી એ પછી વિચારવામાં આવશે તો ચાલશે, પરંતુ અત્યારે તો સત્તાનું બળ દેખાડીને આ તત્વોને નશ્યત કરી લેવામાં આવે એ જ ખરી જરૂરિયાત છે.

## ચાય સે જયાદા સાલા કિટલી ગરમ હૈ



**ડાયલોગથી દેવભાષા**

ડૉ. જય ઓઝા

***ચાય સે જ્યાદા સાલા કિટલી ગરમ હૈ***

***- હેરાફેરી***

ઈ.સ. ૨૦૦૦માં આવેલી 'હેરાફેરી' ફિલ્મ બોલીવૂડની સુપરહીટ કોમેડી ફિલ્મ કહેવાય છે. પ્રિયદર્શન દિગ્દર્શિત આ ધમાલ ફિલ્મમાં પરેશ રાવલ, અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટીની ત્રિપુટીએ તરખાટ મચાવ્યો હતો. તેમાં પણ 'યે બાબુરાવ કા સ્ટાઈલ હે રે...' કોણ ભૂલી શકે ?

આપમા ગુજરાતી સંવાદ લેખક નિરજ વોરાએ લખેલ ફિલ્ના સંવાદો - એકોક્તિઓ આજે પણ લોકજીભે રમે છે. ઉપરોક્ત સંવાદ આમ તો ઘણી બધી ફિલ્મોમાં બોલાઈ ગયો છે, અને આપમે પણ આ પંક્તિને મુહાવરાની જેમ વારંવાર ઉપયોગમાં લઈએ છીએ. 'હેરાફેરી'માં સ્નેહલ દાબી આ સંવાદ અસરાનીને કહે છે. પરંતુ વાસ્તવિક જગતમાં પણ આપણે વારંવાર આ ડાયલોગ સરકારી બાબુઓના ચમચા, કડછી, વાટકાઓ માટે વાપરતા હોઈએ છીએ...

પરંતુ મિત્રો મજાની વાત એ છે કે, આ સમસ્યા આજની નથી, હજારો વર્ષો પહેલા આશરે, સાતમી શતાબ્દિમાં થઈ ગયેલ સંસ્કૃત ગદ્ય કવિ બાણભટ્ટે તેમની અમર કૃતિ 'કાદમ્બરી' માં આ જ પ્રકારની પંક્તિ લખી છે.

***અન્યમાલ્લબ્ધપદો નીચઃ પ્રાયેણ દુઃસહો ભવતિ ।***
***રવિપવિ ન દહતિ તાદગ્ યાદગ્ દહતિ વાલુકાનિકરઃ ॥***

બીજાની ભલામણથી મળેલ નોકરી-પદ પ્રતિષ્ઠા વાળો નિમ્ન વ્યક્તિ ભયંકર હોય છે, જેમ કે સ્વયં સૂર્યનો તાપ પણ એકલો નથી દઝાડતો જેટલી સૂર્યથી ગરમ થયેલી રેતી દઝાડે છે.

સીફારશી - લોકો અને પદને યોગ્ય ન હોવા છતાં, ઓળખાણથી બની બેઠેલા ચા કરતા કીટલી ગરમ સમાન કીટલી જેવા લોકોની સમાજમાં અછત નથી. આપણે ભલે બૂમો મારીએ કે આજકાલ ભલામણોનો દોર ચાલ્યો છે, અને સ્વપરિચિત લાયકાત વગરની કેટલીય કીટલીઓ સિસ્ટમમાં ઘૂસી ગઈ છે. પરંતુ મિત્રો.... આજથી ૧૩૦૦ વર્ષ પહેલા પણ આ જ પરિસ્થિતિ ત્રસ્ત સંસ્કૃત સાહિત્યના ગદ્યસમ્રાટે ઉપરોક્ત સંવાદ લખવો પડ્યો, તે શું દર્શાવે છે ! બીજી બધી વાત જવા દો બાણભટ્ટનો આ શ્લોક દર્શાવે છે, 'બાણોચ્છિષ્ટં જગત સર્વમ્ - આપણે કહીએ કે સંસ્કૃતભાષા ઉચ્છિષ્ટં જગત સર્વમ્ - કેમ ખરું ને !'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## આજે માતૃભાષાની કાર્યશાળા



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગરવી ગુર્જરધરાના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન, પ્રચાર-પ્રસાર અને વિસરાતા માતૃભાષા સાહિત્યને મધમધતું, મહેકતું અને સદાય ફોરતું અવનવા સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે; તે અંતર્ગત 'તોફાની તાંડવ' ગુજરાતી દૈનિક તથા ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે એક કાવ્ય - ગોષ્ઠીસહ, સ્નેહમિલન કાર્યક્રમ, તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૮ને બીજા રવિવારે સાંજે ૪.૦૦ થી ૮.૦૦ દરમિયાન, સર્કીટ હાઉસ, 'જ-રોડ', રાજભવન પાસે, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે.

જે કવિ મિત્રો તેઓની સ્વરચિત રચનાઓનું પઠન કરવા માંગતા હોય, તેમને નિરંજનભાઈ શાહ (મો.) ૮૧૪૦૨ ૩૮૩૮૫ અને નટવર હેડાઉ 'વન વિહારી' (મો.) ૯૪૨૮૪ ૧૭૪૦૬ નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

● સ્વભાવનું ગૌરવ વધારવા માટે અને વ્યક્તિના પ્રાણસમી પોતીકી માતૃભાષા ગુજરાતીના સત્ત્વને જાણવા, માણવા અને માતૃભાષાના 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા દર માસે યોજવામાં આવતી કાર્યશાળા અંતર્ગત ૧૪મી કાર્યશાળા તા, ૮મી ડિસેમ્બર, ૨૦૧૮ને શનિવારે બપોરે ૩.૦૦ થી ૫.૩૦ દરમિયાન, ચિલ્ડ્રન જેમાં વર્ણમાળા, અનુસ્વારના નિયમો, જોડણીના નિયમો, વિભક્તિ વિગેરે અનેક વિષયોનું પુનરાવર્તન કરી, શુદ્ધ માતૃભાષા લખવાના ઉદ્દેશ તરફ વધુ આગેકૂચ કરવામાં આવશે. દરેક માતૃભાષા પ્રેમીઓને હાજર રહેવા ઈજન પાઠવવામાં આવ્યું છે.

● 'આત્મન ફાઉન્ડેશન', ગાંધીનગર અને 'વિચાર વલોણું પરિવાર' અમદાવાદના સંયુક્ત ઉપક્રમે બાળકો અને શિક્ષકો માટે એક 'તૃતીય વાર્તાલેખન સ્પર્ધાનું' આયોજન કરવામાં આવેલ ચે. જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ ધો.૬ થી ૧૦, સામાન્ય વિદ્યાર્થીઓ ધોરણ-૬ થી ૧૦ અને શિક્ષકો, રસ પડે તેવી મૌલિક વાર્તા શીર્ષક સાથે, ગુજરાતીમાં લખી ઈનામો જીતી શકશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ ૮૦૦ શબ્દોમાં, સામાન્ય વિદ્યાર્થીઓ ૧૦૦૦ શબ્દોમાં અને શિક્ષકો ૧૫૦૦ શબ્દોમાં વાર્તાઓ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૯થી તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૯ સુધીમાં, દર્શા કિકાણીને, ૧૦, સંજય પાર્ક, સુંદર વન પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫ ખાતે શાળા મારફત મોકલી શકાશે. વાર્તા સાથે નામ, સરનામું, શાળાનું નામ, શાળાનું સરનામું અને ફોન નંબરની માહિતી આપવાની રહેશે. માર્ગદર્શન માટે વધુ જરૂર જણાયે, (મો.) ૯૮૨૫૪ ૮૨૯૪૬ પર સંપર્ક સાધી શકશે. આ વાર્તાલેખન સ્પર્ધામાં પ્રથમ ઈનામ રૂા. ૧૧,૦૦૦/-, બીજું ઈનામ રૂા. ૭૦૦૦/-, ત્રીજું ઈનામ રૂા. ૫૦૦૦/- અને પ્રોત્સાહન ઈનામ રૂા. ૧૦૦૦/- રહેશે.

-muljibhaidadhi@gmail.com

# સંતોના સાહિત્યમાં ગુરુ વંદનાનું ગૌરવ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

લોકવાણીનો અંતિમ પરિપાક એ ભજનવાણી છે તેમ મેઘાણીભાઈએ લખ્યુ છે. ભજનવાણી કે સંતવાણીના ઉદ્ગાતા એવા આ સંતો જગતથી જૂદા મિજાજના હતા. આ સંતોની નજરમાં નાત જાતનું કોઈ બંધન ન હતું. માનવ માત્રને ધર્મ આચરવાનો અને મુકિત મેળવવાનો જન્મદત અધિકાર છે. તેવી આ સંતોની દ્રઢ માન્યતા હતી. જે તે સમયના દુન્વયી તેમજ વ્યવહારયુકત સાંકડા વિચારોને આ સંતોએ સામી છાતીએ પડકાર્યા હતા. મોટા તથા આલિશાન મંદિરો ચણાવવા કરતા માનવ તેમજ સમગ્ર સૃષ્ટિની સેવા કરવાના તેમના મનોરથ હતા. યાંત્રિક રીતે થતાં ક્રિયાકાંડ સામે આ સંતોને હમેશા અણગમો રહ્યો હતો. અખંડ ધણીમાં તેમની શ્રધ્ધા સ્થિર થયેલી હતી. દેવાયતે મન મૂકીને આ પરાપૂર્વ અગમ તત્વને ગાયુ છે.

નોતો રે મેરુ ને નોતી મેદની,
નોતા જે દી ધરણી આકાશ રે હાં,
ચાંદો ને સૂરજ જે દી બેય નોતા
ધણી મારો તે દી આપો આપ રે ..

આપણી કંઠસ્થ પરંપરામાં ભજન સાહિત્યનો ઊંડો તેમજ વ્યાપક પ્રભાવ છે આજે પણ એક મોટો વર્ગ ભજનની મસ્તીના પ્રવાહથી પ્રભાવિત છે.

સંતવાણીના આ સમર્થ શાસ્ત્રમાં ગુરૂભકિતનો મહિમા અનેરો છે. ગુરુ-શિષ્ય પરંપરાનું એક વિશિષ્ટ ગૌરવ સમાજમાં વ્યાપક તથા ઊંડું હોવાથી સાહિત્યમાં પણ આ નરવા સંબંધની મનોહર ઘટનાઓ સર્વત્રવણી લેવામાં આવી છે. ગુરુ નાનકદેવથી શરૂ થયેલી ગુરુ પરંપરાની ગુરુ ગોવિંદસિંહ સુધીની ઘટનાઓ જૂઓ તો આ જ્ઞાન પરંપરામાં શૌર્ય તથા ખમીરનું પણ ભવ્ય દર્શન થાય છે. ગુરૂદેવ નાનક પછી જે પરંપરા ચાલી તેમાં જ્ઞાનની વાતતો હતીજ પરંતુ જ્ઞાન સાથે જ અનિવાર્ય હોય તો સ્વધર્મના પાલન માટે આકરામાં આકરો સંઘર્ષ પણ સ્વેચ્છાએ સ્વીકારીને ફના થઈ જવાની સંપૂર્ણ તૈયારી હતી. આથી ગુરુ તરફના ભાવ માર્ગે પ્રગટેલી સાહિત્યની એક ઉજળી ધારા સમી સંતવાણી એ કેવળ વાણીવિલાસ નથી. આપદધર્મ તરીકે સંઘર્ષ આવે તો તેને તથા વૈરાગ્યનું ઔચિત્ય હોય ત્યાં ભરથરી બનીને ભગવા ધારણ કરવાની અર્થેપૂર્ણ કથાઓ આ વાણીના માધ્યમથી પ્રગટી છે તથા પ્રસરી છે. નજીકમાંજ વીતેલો સમય જોઈએ તો પ્રાધ્યાપક એસ.આર.ભટ્ટ પોતાની સરસ્વતી સાધનાના માર્ગમાં તેમના ગુરુ પ્રાધ્યાપક દાવરસાહેબનેજ નમ્રભાવે યાદ કરીને તેમની કૃપાને વંદનકરે તે ઘટના આ શૃંખલાનીજ એક ઉજળી કડી છે. આતમને જગાડવા મથતી આપણી સંતવાણીમાં ગુરૂની મહત્તા ડગલે ને પગલે થયેલી છે. દાસી જીવણ આપણાં સંત સાહિત્યના સર્જનમાં મોટું તથા મહત્વનું નામ છે. દાસી જીવણની ગુરુ તરફના અગાધ સ્નેહાદરનીજ વાત તેમની એક પ્રસિધ્ધ રચનામાં કરવામાં આવી છે.

અજવાળું હવે અજવાળું
ગુરુ આજ તમ આવ્યે રે મારે અજવાળું,
સદગુરૂ શબ્દ જયારે શ્રવણે સુણાવ્યો
ભેટ્યાં ભીમને ભાંગ્યું ભ્રમનું તાળું...
જ્ઞાન ગરીબી સંતની સેવા
પ્રેમભકિતનો સંગ હવે પાળું...
ખીમને ભાણ રવિ રમતા રામા,
તેજ તત્વમાં ગુરૂતમને ભાળું...
દાસી જીવણ સંત ભીમના ચરણે
અવર દૂજો હવે ધણી નહિ ધારું...
ગુરુ આજ તમ આવ્યે રે મારે અજવાળું.

પ્રેમલક્ષણા ભકિતના ઘેરા રંગથી રંગાયેલી દાસી જીવણની રચનાઓ આજે પણ ખૂબ તરોતાજા લાગે છે. આ રચનાઓ લોકભાગ્ય હોવાથી ખૂબ ગવાય છે. ફરી ફરી સાંભળવા ગમે તેવા દાસી જીવણના પદો ખૂબજ સરળ તથા પ્રવાહી શૈલિમાં લખાયેલા છે. શાસ્ત્રોનો અમૂલ્ય ખજાનો લોકબોલીમાં ભકતકવિએ સમાજ સમક્ષ ખૂલ્લો મૂકયો છે. દાસી જીવણનીવાણી શાશ્વત છે. કારણ કે તે જ્ઞાનની સ્વઅનુભૂતિમાંથી પ્રગટેલા શબ્દો છે. આપણું સંતસાહિત્ય એ પ્રજ્ઞાવાન સંતોએ પરમ તત્વને રીઝવવા નિજાનંદથી રચેલી રચનાઓ છે. અહીં પંથ, સંપ્રદાય, જ્ઞાતિ કે જાતિના કોઈ બંધન નથી. સંતકવિઓ મુકત તથા ગગનવિહારી છે.

દાસી જીવણ ગોંડલ પાસેના ઘોઘાવદર ગામના છે. ઈ.સ. ૧૮૨૫ માં તેમનો જન્મ દિવાળીના દિવસે થયાનું નોંધાયું છે. આ પણ એક સુખદ યોગાનુંયોગ છે. દિવાળીના દિવસો હજુ હમણાંજ ગયા. ઉત્સવો કે ઉજવણીઓ તો આવે અને જાય. પરંતુ દાસી જીવણે જે ચેતનાનો દિપક પ્રગટયો છે તે આવનારા તમામ કાળ માટે પ્રસ્તુત રહેશે. રવિભાણ સંપ્રદાયના આ સંતને ગુરુ ભીમ સાહેબનો ભેટો થયેલો છે. આવા સદગુરુના શબ્દેજ તેમના માનવસહજ ભ્રમનું તાળું ખૂલી શક્યું છે તેવી તેમની દ્રઢ ગુરુનિષ્ઠા છે. સંતકવિઓની ભકિતમાં વાણી વિવેક સહજ રીતેજ જોઈ શકાય છે. સંતોના ઉજળા આંતરિક જીવનનુંજ આ પાવક પ્રતિબિંબ છે. એકવાર સદગુરૂ મળે પછી કોઈની તમા રહેતી નથી. ખીમ સાહેબ તથા રવિસાહેબનું મોઘેરું જ્ઞાન દાસૃી જીવણને ભીમગુરુના શરણે જતા તેમની કૃપાથી પ્રાપ્ત થયેલું છે. જેના અંતરમાં જ્ઞાનરૂપી અજવાળું થાય તેની આંતરિક કે બાહ્ય ઉન્નતિમાં કોઈ તમસ પ્રભાવી બની શકતું નથી. ધનો ભગત કહે છે તેમ સંતપુરુષોના આ બાણ તો વાગ્યા હોય તેજ તેને જાણી શકે છે.

નરસિંહ મહેતાની હૂંડીસ્વીકારી,ખેપ કરી ખરે ટાણી,
અનેક ભકતોને એણે ઉગાર્યા, ધનો ભગત ઉર આણેપ
રામબાણ વાગ્યા હોય તે જાણે.

ભજનોની લોકવાણી અગાધ સમુદ્ર જેવી છે. ભજન એ તો અનુભવ તથા અનુભૂતિમાંથી પ્રગટ થતી વાણી છે. સ્વાનુભવની આ વાણીનું મૂલ્ય અદકેરૂ છે. ભાણસાહેબ તથા ભાણ પરંપરાનું સ્થાન આ સંતવાણીમાં વિશેષ છે. કબીર સાહેબ પણ ભાણસાહેબ બે સદી બાદ થયા હોવાનું માનવામાં આવે છે. આપણાં આ ભકત કવિઓ મીરાં તથા નરસિંહની હરોળમાં મૂકી શકાય તેવા હતાં. એમની કવિતા એ માત્ર શુષ્ક વૈરાગ્યની ન હતી પરંતુ તેમાં જીવન જીવી જાણવાનું વ્યવહારુ જ્ઞાન પણ હતું. ઉદરાતા અને પરોપજીવી વૃત્તિ તેમાં ભરપુર હતા. આ સંતો બળવાખોર મીજાજના હતા. અનિષ્ટો સામેની લડાઈમાં તેઓ આત્મબળથી ખરા ઉતર્યા હતા.

# સરદાર તો આયોજન વગર ભારતનું ભાવિ ઘડવા માગતા હતા



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

**ગાંધીજીથી સાવ વિરુદ્ધ સરદાર ઉદ્યોગમાં 'યુદ્ધ ક્ષમતા' હોય તો જ ટકે એમ સ્પષ્ટ હતા.**

સરદાર અને ગાંધી અનેક રીતે એકબીજાથી સાવ જુદે છેડે હતા. બંને વચ્ચે અનેક રીતે વિરોધાભાવ હતો તેમ છતાં આ મહામાનવોની જુગલબંધી આજીવન અખંડ રહી હતી. ગાંધી અનો સરદાર સત્ય અનો અહિંસાના માર્ગે આઝાદીના પથ પર સૈનિક તરીકે સાથે ચાલ્યા હતા. સરદાર અને ગાંધી વચ્ચે ભાવિ હિંદના દર્શન બાબતે પણ અલગ વિચાર હતા. સરદારને આયોજન પંચ દ્વારા એક પ્રકારનું આયોજન કરીને આગળ વધવાની વાત ન હતી ગમતી. એમ છતાં જયારે દેશના ભવિષ્યની વાત હોય ત્યારે એ પોતાનું વ્યક્તિગત વર્તન છોડીને સમૂહની વાતનો સ્વીકાર કરતા હતા. સરદાર ગમે તેટલા સાચા હોય છતાં પણ ઘણી બધી બાબતોમાં એ સામેનાની વાતનો સ્વીકાર કરતા હતા. સરદાર લોખંડી હતા પરંતુ જક્કી અને જીદ્દી ન હતા એ એમની ખાસિયત હતી.

આયોજન પંચના આયોજનો સરકારી તંત્રની તુમારશાહીમાં ભારતનું ભવિષ્ય અટવાય એના કરતાં ત્વરિત નિર્ણયથી આઝાદ થયેલા ભારતને ઝડપભેર વિકસાવવાના મતના સરદાર હતા. તેમ છતાં જયારે ખાદી ગ્રામોદ્યોગ આયોગથી સ્થાપવાની અને ખાદી ઉત્તેજનાના આયોજનની ચર્ચા થઈ ત્યારે આયોજનને તેમને તરત ટેકો આપ્યો હતો. જો કે તેમણે એટલું તો સ્પષ્ટ કહ્યું જ હતું, કે કોઈ પણ ઉદ્યોગના વિકસવામાં અને ટકવામાં વોર પેટેન્શિયેલિટી (યુદ્ધ ક્ષમતા) જોઈએ. સરકાર - સંસ્થા સંગઠન કે કોઈ વ્યક્તિ જો ઉદ્યોગમાં આ બાબતના સમજે તો ઉદ્યોગને ટકાવી ના શકે. આજે પણ જયારે ખાદી અને ગ્રામ ઉદ્યોગની નબળી સ્થિતિ આપણે જોઈએ છીએ ત્યારે સરદારની યુદ્ધ ક્ષમતાની ખાદી ગ્રામોદ્યોગ સંદર્ભની વાત સરળતાથી સમજાય જાય છે. આટલા બધા વર્ષોથી ખાદી ગ્રામોદ્યોગને ઉત્તેજન આપવા માટે સબસીડી સહિતના અનેક સરકારી લાભો છતાં ભારતને સાચા અર્થમાં પગભર બનાવી શકાય એવો ખાદી ગ્રામોદ્યોગ આપણે મજબૂત બનાવી શકયા નથી. સરદાર એટલા દૂરંદેશી હતા કે આયોજનો વગર પણ ભવિષ્યની સ્થિતિ તેઓ પારખી જતા હતા એમ કહી શકાય. ખાદી વિકાસના જતા હતા એમ કહી શકાય. ખાદી વિકાસના આયોજનો અંગે સરદારે જે વાત સ્પષ્ટ કરી દીધી હતી એ વાત ગાંધીજી તો કદી કહેત જ નહીં. ગાંધી અને સરદારના સરખાપણામાં આવી જ બાબત સરદારથી ગાંધી કે ગાંધીથી સરદાર નોખાનું દૃષ્ટાંત પૂરું પાડે છે.

સરદાર શિસ્ત પાલનમાં ય અવ્વલ હતા. ગાંધી હોય કે નહેરુ હોય તેમની સામે વિચાર વિરોધ હોય છતાં તેમની શિસ્ત એવી કે સંયમતાથી કામ પાર પાડે. સરદારની શિસ્ત એટલી જાણતી હતી કે ગુજરાતમાં શિસ્તનો આગ્રહ પણ સરદારના કારણએ વધુ પ્રચલિત થયો હશે એમ નારાયણ દેસાઈ લખે છે. જો કે સરદારના કારણે પ્રચલિત થયેલી શિસ્તના નામે જોહુકમી ચાલે છે એવો ઉલ્લેખ પણ તેઓ સંદર્ભ સાથે કરે છે.

શિસ્તના નામે જોહુકમીમાં સરદારની ધાક કેવી હતી તેઓ દાખલો પણ જડે છે. નારાયણભાઈ લખે છે ૧૯૫૦-૫૧માં બારડોલીની એક બેઠકમાં અખિલ ભારતીય સર્વોદય કાર્યકર્તા સંમેલનમાં ગુજરાત યજમાન બને એ માટે સંખ્યાબંધ રચનાત્મક કાર્યકર્તાઓ હાજર હતા. જુગતરામ દવેએ એ સભામાં સંદર્ભે સરદાર પટેલે લખેલો એક પત્ર બધાને વાંચી સંભળાવ્યો હતો. આ પત્રમાં સરદારે એવી લાગણી વ્યક્ત કરી હતી કે સર્વોદય સંમેલન રૂપે આચાર્ય કૃપલાની, પી.સી. ઘોષ અને શંકરરાવ દેવ વગેરેના નેતૃત્વમાં કોંગ્રેસ વિરોધી મત વ્યક્ત થઈ રહ્યો છે માટે સર્વોદય સંમેલન ગુજરાતમાં ન બોલાવ્યું જોઈએ.

બસ, સરદારના પત્રની એવી અસર થઈ કે ના પૂછો વાત. નારાયણ દેસાઈ લખે છે ગુજરાતના 'ભીષ્મ - દ્રૌણ - વિદુર' જેવા મહાનુભાવોના ટપાટપ હૃદય પરિવર્તન થતાં મેં જોયા. એક પછી એકે ઉઠીને સરદારની વાતમાં કેવું ડહાપણ હતું એ સમજાવવા માંડ્યું ! સભાને અંતે હું, બબલભાઈ અને રાજેન્દ્ર ગુલાબદાસ એમ ત્રણ જ જણ સરદારના સર્વોદય સંમેલન સામેના વિરોધ છતાં સંમેલન ગુજરાતમાં બોલાવવાની તરફેણમાં રહ્યા. બાકીના બધા જ સંમેલનની વિરુદ્ધમાં રહ્યા, સરદારની વાત સ્વીકારી લીધી. સરદારની શિસ્તમાં આવી ગયા. અને સંમેલન બોલાવવાનો વિચાર પડતો મૂકવો પડ્યો. આખીયે ઘટનામાં જુગતરામ દવે એ મૌન સેવ્યું.

નારાયણભાઈ લખે છે કે મારો ચોક્કસ મત છે કે આ પ્રકારની શિસ્ત ખુદ સરદારને પોતાના સારું પણ કબૂલ ન થાત. પણ સરદારના એક પત્રની વાતથી જ બધા જ કર્મઠ સર્વોદય કાર્યકરોએ સરદારની વાત સ્વીકારી લીધી. સરદારની શિસ્ત સ્વેચ્છાએ સ્વીકારેલી અને સમજણ સાથેની હતી એમ તેઓ લખે છે.

અલબત્ત, સરદારની આ સમજણ અને સ્વેચ્છાની શિસ્તમાં જ કહેણ આવ્યું હોય એટલે આપણે તે સ્વીકારવી જ રહી એમ સમજીને સર્વોદયવાદીઓએ સંમેલનથી જાતને એ ગુજરાતને દૂર રાખવામાં ગનીમત સમજયા હતા એમ કહી શકાય. સરદાર સાથે સ્વાતંત્ર્ય લડતમાં કામ કરી ચૂકેલા સર્વોદયવાદી કાર્યકરોને નારાયણભાઈના મતે ભલે આવી શિસ્ત સરદાર પોતાની જાત માટે કબૂલ ના રાખે પણ સરદારની ના માં હા પાડવી પડે એટલી સમજણ કાર્યકરોમાં ય ચોક્કસ હશે એ સમજવું જોઈએ.

ગાંધીજીની સાથે રહીને પોતે તો ઘડાયા પણ સાથોસાથ વિજ્ઞાનના ઉદ્દીપનનો સિદ્ધાંત એ બંનેના સંબંધમાં પણ કામ આવ્યો હશે. એમ કહી શકાય કે સરદાર સાહેબ પાસેથી પણ ઘણું બધું ગાંધી શીખ્યા હશે કારણ ગાંધીને કશુંય નવું શીખવામાં અને એનો પ્રયોગ કરવામાં કયારેય નાનપ ન હતી લાગી. સરદાર અને ગાંધીના સંબંધોનું સામાજિક શાસ્ત્ર આપણે વધુ આગામી અંકે જોઈશું.